તમામ પ્રકારની દૂધ સહકારી મંડળીઓના
નિરિક્ષણ અન્વેષણ માટે સમિતિની નિમણૂંક
કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંકઃ સીડીઇ/૧૦૮૫/૨૮૮૧/છ
સચિવાલય, ગાંધીનગર
તા. ૭- ૧૧-૨૦૧૫

વાંચણમાં લીધાઃ-

(૧) ખેતી વન અને સહકાર વિભાગના તા. ૩૧/૦૭/૮૧ના ઠરાવ ક્રમાંક સીડીઇ/૫/બી.
(૨) સહકાર વિભાગના તા.૧૦/૦૨/૮૭ના ઠરાવ ક્રમાંકઃ-સીડીઇ/૧૦૮૫/૨૮૮૧/ક.
(૩) કૃષિ,સહકાર વિભાગના તા.૯/૦૨/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ-સીડીઇ/૧૦૮૫/૨૮૮૧/છ.

પ્રસ્તાવના;

ગુજરાત રાજ્યની તમામ પ્રકારની દૂધ સહકારી મંડળીઓના નિરિક્ષણ અને અન્વેષણ માટે ગુજરાત સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ના નિયમ ૩૯(ક) ની જોગવાઇ સાથે સુસંગત રહીને આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૩૧/૦૭/૮૧ તથા આમુખ ક્રમાંક (૨) માં દર્શાવેલ તા. ૧૦/૨/૮૭ના ઠરાવથી ચાર સભ્યોની નિરિક્ષણ અને અન્વેષણ સમિતિની રચના કરવામાં આવેલ હતી. જેની મુદત વખતો વખત વધારતા છેલ્લે તેની મુદત આમુખ ક્રમાંક. ૩ ના ઠરાવથી તા. ૨૮/૦૨/૨૦૧૦ વધારેલ હતી. જે તા. ૨૮/૦૨/૨૦૧૦ ના રોજ પુર્ણ થયેલ હોઇ સમિતિના સભ્યોની મુદત વધારવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. કાળજીપુર્વક વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ ઠરાવેલ છે.

**ઠરાવ**

ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ ના નિયમ ૩૯(ક)ની જોગવાઇ સાથે સુસંગત રહી <u>તા.૧/૦૩/૨૦૧૦ થી તા.૨૮/૦૨/૨૦૨૦ સુધીના સમય માટે નીચે દર્શાવ્યાનુસાર ચાર સભ્યોની નિરીક્ષણ અને અન્વેષણ સમિતિના સભ્યોની મુદત વધારી આપવામાં આવે છે.</u>

૨૫૬
૨૦/૧૦/૧૫

| | | |
|---|---|---|
| ૧ | સરકારના સચિવશ્રી (સહકાર) | અધ્યક્ષશ્રી |
| ૨ | નિરીક્ષણ અને અન્વેષણ સમિતિના મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી | સભ્યશ્રી સચિવશ્રી |
| ૩ | મેનેજીંગ,ડીરેકટરશ્રી, ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ | સભ્યશ્રી |
| ૪ | રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર | સભ્યશ્રી |

ઉપર્યુક્ત સમિતિના સભ્યો અનુક્રમે નં.(૧) (૩)અને(૪)ને ગુજરાત સહકારી મંડળીઓના નિ ૧૯૬૫ના નિયમ ૩૯(ક)(૨)ના પરંતુકની જોગવાઇ અન્વયે પુન: નિયુકતિ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(વી.એમ.શેઠવલા)
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(કૃષિ અને સહકાર)ના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર)ના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગાંધીનગર
- મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, કૃષિ ભવન, પાલડી, અમદાવા
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી ,ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.આણંદ
- ચેરમેનશ્રી, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદ
- સચિવાલયના સર્વે વિભાગ
- કૃષિ અને સહકાર વિભાગની સર્વે શાખાઓ
- શાખા ફાઇલ
- સીલેક્ટ ફાઇલ